[107/A30]

SEAT No.________

No. of Pages : 02

# SARDAR PATEL UNIVERSITY

TYBA, VI Semester Examination

Day : Tuesday  Date : 03-04-2018

Session : Evening  Time : 02.00 pm to 05.00 pm

Subject Code : UA06CGLT20 / Paper No. 20

Subject : Gujarati Literature અપઠિતનો અભ્યાસ (અનસીન)

Total Marks : 70

---

નોંધ : જમણી બાજુનાં આંકડા ગુણ સૂચવે છે

પ્ર.૧ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : (૨૦)

કવિનું કાર્ય રસિત કૃતિઓ ઉત્પન્ન કરવાનું છે. અમૂર્ત વિચારો અને અનુમાનોના સિધ્ધાંતો કહેવાનું નથી કવિ જે વિચારો અને અનુમાનો ઈષ્ટ હોય તે તે અમૂર્ત અમૂર્ત સૂત્ર રૂપમાં ગોઠવવાને બદલે મૂર્તિઓ અને કૃતિઓના અંગ અને ગુણ રૂપે તે પોતાની રચનામાં દાખલ કરે છે. કવિ સિધ્ધાંતો કહી બતાવતો નથી પણ પાત્રો અને વૃત્તાન્તોનાં એવાં આનંદમય ચિત્રો આપે છે કે ચિત્રો ગ્રહણ કરનાર તે ચિત્રોમાં રહેલા સિધ્ધાંતો અનાયાસે અને વગર જાણ્યે ગ્રહણ કરી લે છે. કવિ જો સિધ્ધાંતનું કથન કરવા બેસે તો આનંદમય રચનાનો ત્યાગ કરી તેને બીજા જ પ્રદેશમાં જવું પડે.

- રમણભાઈ નિલકંઠ

અથવા

પ્ર૧. નીચેના ગદ્યખંડનું વિવરણ કરો :

''કવિતા એ આત્મની કલા છે. આત્મના ખાસ ધર્મો-ચૈતન્ય વ્યાપન અને અનેકતામાં એકતા - એ કવિતામાં અવશ્ય હોવા જોઇએ જે કવિતામાં ચૈતન્ય નથી ને કવિતા જ નથી. કવિતા આત્મા પેઠે વ્યાપનશીલ હોવી જોઇએ આત્મા જેમ પિંડમાં અને બ્રહ્માંડમાં બુધ્યિમાં, હૃદયમાં અને કૃતિમાં અને એ ત્રણેથી પર પરમાત્મા રૂપમાં વિરાજી રહેલો છે. તમે કવિતા પણ મનુષ્યનાં બુધ્યિ હૃદય કૃતિ અને અંતરાત્મા એટલે ધાર્મિકતા - એ સૌની જરૂરિયાતો સંતોષે એવી હોવી જોઇએ કવિતામાં રહેલો ત્રીજો આત્મધર્મ અનેકતામાં એકતા છે. એક જ મુખ્ય બિંદુની આસપાસ અનેક પાત્રો પ્રસંગો ઉક્તિઓ રસવૈવિધ્ય અને વર્ણનો રચવાં તેમાં કવિનું માહાત્મ્ય રહેલું છે''

- આનંદશંકર ધ્રુવ

પ્ર૨. નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવો (૨૦)

મળ્યાં અને જુદાં પડયાં

મળ્યાં અને જુદાં પડયાં
હવે ફરી કદીય તું મળે કે નહીં મળે,
ન જાણતો જરીય એ, પરંતુ ભાન છે હૈયે
પ્રવાહ માંહી લાકડાં તણાઈને વળી જતાં,
અને છૂટાં પડી જતાં,
મળ્યાં અને પડયાં નથી જ એમ આપણે.
અનેક આશથી ભરેલ અંતરે મળ્યાં અને
અનેક આશને વળી મળી ઉછેરતા મને.
ભવિષ્યનાં બધાં સુખો સ્મૃતિ સ્વરૂપ સૌ દુ:ખો,
હસીહસી નિહાળતાં અને દિનો વિતાવતા.
જેમ જિંદગાની બે મળે. મળેલ આપણેય,
તેમ ભાવના અને અનેક કામના થકી,
ભર્યા ભર્યા ઉરે અને પછી વળી જુદાં પડયાં,
પ્રવાહ બે મળે અને મળી ભળી વહી રહે.
પ્રવાહ એકથી કદી વહેણ બે થઇ વહે,
તેમ આપણે મળ્યાં, ભળ્યાં અને વહી રહ્યા
પ્રવાહ એકનાં પછી વહેણ બે સમાં થયાં.

- પ્રહલાદ પારેખ

(PTO)

અથવા

પ્ર. ૨ નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવો

ભોમિયા વિના મારે ભમવાતા ડુંગરા
જંગલની કુંજ કુંજ જોવી હતી.
જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા
રોતાં ઝરણાંની આંખ લ્હોવી હતી
સૂના સરવરિયાની સોનેરી પાળે
હંસોની હાર મારે ગણવી હતી
કાળે ઝુલંત કોક કોકિલાને માળે
અંતરની વેદના વણવી હતી
એકલા આકાશ તળે ઊભીને એકલો
પડઘા ઉરબોલના ઝીલવા ગયો
વેરાયા બોલ મારા ફેલાયા આભમાં
એકલો અટૂલો ઝાંખો પડયો.
આખો અવતાર માથે ભમવા ડુંગરિયા
જંગલની કુંજ કુંજ જોવી ફરી.
ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા
અંતરની આખડી લ્હોવી જરી

- ઉમાશંકર જોશી

પ્ર.૩. નીચે આપેલા છંદનું બંધારણ આપી ઉદાહરણ સહિત સમજાવો (ગમે તે ચાર) (૧૬)

(૧) તોટક (૨) સ્રગ્ધરા (૩) ઉપેન્દ્રવજા (૪) દ્રુત વિલંબિત
(૫) ચોપાઇ (૬) રોળા (૭) સવૈયા (૮) વસંત તિલકા

પ્ર.૪. નીચેનામાંથી ગમે તે બે અલંકારની વ્યાખ્યા આપી ઉદાહરણ સહિત સમજાવો (૧૪)

(૧) વ્યતિરેક (૨) શ્લેષ
(૩) સજીવારોપણ (૪) અતિશયોક્તિ